पु॰ना International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Class -VII

# GUJARATI

# Specimen copy

# Year- 2021-22

| ક્રમ | એકમ | પૃષ્ઠ |
|---|---|---|
| 8 | ચરણોમાં | |
| 9 | કદર | |
| 10 | ભૂલની સજા | |
| 11 | હિંડોળો | |
| 12 | અપંગના ઓજસ | |
| 13 | ડો. આંબેડકર | |
| 14 | ઊડે રે ગુલાલ | |
| 15 | સુભાષિતો | |
| | પૂરકવાંચન | |
| 1 | અભિનંદન | |
| 2 | કેટલાક પ્રસંગો | |
| 3 | ખીચડી પકાવું છું | |
| 4 | મૂલ્યવાન ભેટ | |
| 5 | અમે બાંધવો સરદારના | |

# 1.ચરણોમાં

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | ઉગમણે | = | પૂર્વ દિશામાં |
| 2) | આભ | = | આકાશ |
| 3) | ઉમંગ | = | ઉત્સાહ |
| 4) | વગડો | = | જંગલ |
| 5) | ચોપાસે | = | ચારે બાજુએ |
| 6) | સંગ | = | સાથે |
| 7) | લીલેરા | = | લીલા લીલા |
| 8) | ચકચૂર | = | મસ્ત |
| 9) | ઝીણેરા | = | સાવ નાના |
| 10) | સૂર | = | અવાજ |
| 11) | છલંગ | = | કૂદકો |

## સાહિત્ય

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

**1)** ઉગમણે આભમાં શું દેખાય છે ?
**જ)** ઉગમણે આભમાં જુદા જુદા રંગો રેલાતા દેખાય છે.

**2)** ચરણોમાં ચાલવાનો ઉમંગ શા માટે ઊછળે છે ?
**જ)** કુદરતની સુંદરતા અને વાતાવરણની તાજગીને લીધે ચરણોમાં ચાલવાનો ઉમંગ ઉછળે છે.

**3)** પંખીની પાંખમાં અને નાનકડી ચાંચમાં શાનાં ગાન લહેરે છે ?
**જ)** પંખીની પાંખમાં અને નાનકડી ચાંચમાં વગડાનાં અને ઝરણાનાં ગાન લહેરે છે.

**4)** મન ક્યાં આળોટે છે ?
**જ)** દૂર અને પાસે પથરાયેલા લીલા ઘાસ પરના ઝાકળમાં મન આળોટે છે.

5) આ કાવ્યમાં કવિ ક્યા સમયનું વર્ણન કરે છે ?

જ) આ કાવ્યમાં કવિ સવારનું વર્ણન કરે છે .

6) આભના રેલાતા રંગમાં શું શું ઊઘડે છે ?

જ) આભના રેલાતા રંગોમાં પહાડ, નદી, તેમજ મેદાનો ઊઘડે છે .

7) કવિ કોની દોરે સરી જાય છે ?

જ) કવિ કલ્પનાની દોરે સરી જાય છે.

8) વાયુ શાથી ચકચૂર છે ?

જ) ધરતીની સોડમ પીને વાયુ ચકચૂર છે.

9) ઝાકળમાં કોના સૂર રેલાઇ રહ્યા છે ?

જ) ઝાકળમાં કિરણોના ઝીણા સૂર રેલાઇ રહ્યા છે.

## નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) છલંગ મારીને મન શા માટે ધરતી પર આળોટે છે ?

જ) દૂર અને પાસે લીલુંછમ ઘાસ ઊગ્યુ છે. ધરતીની સોડમ પીને વાયુ ચકચૂર બન્યો છે. ઘાસ ઉપર ઝાકળ છવાયું છે. ઝાકળમાં સૂર્યનાં કિરણોનો ઝીણો સૂર સંભળાઇ રહ્યો છે. આવા સુંદર અને તાજગીભર્યા વાતાવરણમાં મન છલાંગ મારીને ધરતી પર આળોટે છે.

2) સવાર થતાં કુદરતમાં કેવા ફેરફાર થાય છે ?

જ) સવાર થતા, પૂર્વનાં આકાશમાં રંગો રેલાય છે. પંખીઓ કલશોર કરતા ઊડવા લાગે છે. સૂર્યના અજવાળામાં પહાડ, નદી અને મેદાનો સ્પષ્ટ દેખાય છે. લીલા ઘાસ પરથી પવન વાય છે. ઝાકળપર પડેલા સૂર્યનાં કિરનો ઝળહળે છે. આમ, સવાર થતા કુદરતી વાતાવરણમાં જાતજાતનાં ફેરફાર થાયા છે.

<u>વ્યાકરણ</u>

નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1) પૂર્વ | = | ઉગમણું | 2) ગગન | = | આકાશ |
| 3) ઠેકડો | = | કૂદકો | 4) પહાડ | = | ડુંગર |
| 5) વાયુ | = | પવન | 6) પંખી | = | વિહંગ |

## નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ઉગમણું | x | આથમણું | 2) | પ્રકાશ | x | અંધકાર |
| 3) | નાનું | x | મોટું | 4) | આકાશ | x | પાતાળ |
| 5) | ઉત્સાહ | x | નિરુત્સાહ | 6) | દૂર | x | નજીક |

## 'નો,ની,ના,નું' માથી યોગ્ય શબ્દ વડે ખાલીજગ્યા પૂરો

1) ચાલવા <u>નો</u> ઉમંગ
2) ઝરણાં <u>નાં</u> ગાન
3) ધરતી <u>ની</u> મહેક
4) કિરણો <u>ના</u> સૂર
5) ઘાસ <u>નું</u> મેદાન

## નીચેના શબ્દોનો ઉપયોગ કરી એક – એક વાક્ય લખો

| | | | |
|---|---|---|---|
| 1) | ઉમંગ | : | વર્ગમાં છોકરાઓ ઉમંગથી ભણે છે. |
| 2) | ચોપાસ | : | મારી ચોપાસ ફૂલોના છોડ હતા. |
| 3) | ચકચૂર | : | પૈસાના નશામાં તે ચકચૂર થઇ ગયો. |
| 4) | સૂર | : | સંગીતના સૂર સાથે મંદિરમાં ભજન ગવાય છે. |
| 5) | છલંગ | : | મોહને પાણીમાં છલંગ મારી. |

# 2.કદર ( લોકકથા )

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | કુંજાર | = | ઝાડ તેમજ વનરાજીથી ઘટાદા |
| 2) | રૂપકડી | = | દેખાવમાં સુંદર |
| 3) | રૂડપ | = | સુંદરતા |
| 4) | ઓલદોલ | = | દિલાવર |
| 5) | ખપતો | = | વેચાતો |
| 6) | જાતવંત | = | ઊંચાં ખાનદાનવાળા |
| 7) | વેગળું | = | જુદું |
| 8) | પાણીપંથા | = | પૂરના પાણીની ઝડપે દોડનાર |
| 9) | જાયદી | = | ખજૂરની એક જાત |
| 10) | અજંપો | = | અશાંતિ |
| 11) | જોગાણ | = | ઘોડા, બળદ વગેરેને ખાવાનું અનાજ |
| 12) | ધરપત | = | ધીરજ |
| 13) | ખોરડું | = | માટીની ભીંત અને ગારનું બનાવેલુ છાપરું |
| 14) | બોકાસા | = | બૂમ |
| 15) | વાધ | = | ચામડાની દોરી, લગામ |
| 16) | કળાવું | = | દેખાવું |
| 17) | ભેર | = | મદદ |
| 18) | સૂબો | = | ઇલાકા કે પ્રાંતનો સૂબેદાર |
| 19) | લેખ | = | કરાર |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) વાલો કેસરિયો કોણ હતો ?

જ) વાલો કેસરિયો ગરણી ગામનો ચારણ હતો.

2) વાલો કેસરિયો શેનો વેપારી હતો ?

જ) વાલો કેસરિયો ઘોડા લેવા-વેચવાનો ધંધો કરનાર વેપારી હતો.

3) મરાઠા યુવાન માથે કાઇ આફત આવી હતી ?

જ) મરાઠા યુવાન માથે લેણદારની ટાંપ ( જપ્તી ) ની આફત આવી હતી.

4) વાટખરચી કાઢવા કેસરિયાએ શું વેચ્યું ?

જ) વાટખરચી કાઢવા કેસરિયાએ એક ઘોડો વેચી નાખ્યો.

5) વાલા કેસરિયાની કદર કોણે કરી ?

જ) વાલા કેસરિયાની કદર અમરેલીના સૂબા રાઘોબાએ કરી.

## નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) કેસરિયાએ વડોદરાને રામરામ કરવાનું શા માટે વિચાર્યું ?

જ) કેસરિયો પોતાનાં ઘોડા વેચવાં વડોદરા આવ્યો હતો. મન ઠરી જાય એવા ઘોડા જોઇને, સૌ રાજી રાજી થઇ જતાં, પણ ઘોડાની કિંમત સાંભળીને તે પાછા વળી જતા. એકેય ઘોડો વેચાતો નહોતો, તેથી કેસરિયાએ વડોદરાને રામરામ કરવાનું વિચાર્યું.

2) વાલો કેસરિયો ઘોડાની લગામ તાણી શા માટે ઊભો રહી ગયો ?

જ) વાલો કેસરિયો વડોદરાની બહાર નિકળ્યો. ત્યાં એણે એક ખોરડું જોયું. ખોરડાની બહાર ગોદડાં, વાસણ, ઘરની નાનીમોટી જણસોનાં પોટલાં પડ્યાં હતાં. કાળજા કંપાવે એવા, નાનાં છોકરાંના બૂમબરાડા તેણે સાંભળ્યા. એ દ્રશ્ય જોઇને વાલો કેસરિયો ઘોડાની લગામ તાણીને ઊભો રહી ગયો.

3) રાઘોબાએ કેસરિયાની કદર કેવી રીતે કરી ?

જ) અમરેલીના સૂબા રાઘોબાએ કેસરિયાને પોતાની કચેરીમાં માન-મરતબા સાથે બોલાઅવ્યો. તાંબાના પતરામાં સૂર્ય – ચંદ્ર રહે ત્યાં સુધી ગરણી ગામ બક્ષિસ તરીકે તેને લખી આપ્યુ. આ રીતે રાઘોબાએ કેસરિયાની કદર કરી.

## <u>વ્યાકરણ</u>

### નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | કાંઠો | = | કિનારો | 2) | રૂડપ | = | સુંદરતા |
| 3) | વેગળું | = | દૂર | 4) | ભેર | = | મદદ |
| 5) | મહોર | = | છાપ | | | | |

### નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | સુંવાળુ | x | બરછટ | 2) | બાંધવું | x | છોડવું |
| 3) | પ્રામાણિકતા | x | પ્રામાણિકતા | 4) | શુદ્ધ | x | અશુદ્ધ |
| 5) | ગેરસમજણ | x | સમજણ | | | | |

### નીચેના શબ્દોની સાચી જોડણી લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | પ્રિત | - | પ્રીત | 2) | નિરણય | - | નિર્ણય |
| 3) | તીરષ્કાર | - | તિરસ્કાર | 4) | સ્તૂતી | - | સ્તુતિ |
| 5) | જીલલો | - | જિલ્લો | | | | |

નીચેના શબ્દસમૂહો માટે એક – એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| 1) | ઝાડ તેમજ વનરાજિથી ઘટાદાર | – | કુંજાર |
| 2) | સિક્કા સાચવી રાખવાની પટ્ટા જેવી કોથળી | - | વાંસણી |
| 3) | મુસાફરી દરમિયાન ખરચ માટેની રકમ | - | વાટખરચી |
| 4) | પૂરના પાણીની ઝડપે દોડનાર | - | પાણીપંથા |
| 5) | ઘોડાને બાંધવાની જગ્યા | - | તબેલો |
| 6) | ગાયોનું મોટું ટોળું | - | ધણ |
| 7) | પશુને ખાવાનું અનાજ | - | જોગાણ |

# ૩. ભૂલની સજા

## શબ્દાર્થ

1) પરવડવું = પોસાવું
2) જિજ્ઞાસુ = જાણવાની ઇચ્છવાળું
3) વાછટ = પવનથી ઉડેલા વરસાદનાં ફોરાં
4) ગફલત = ભૂલ
5) દશા = હાલત
6) મોકો = તક
7) એકરાર = કબૂલાત
8) દ્વિધા = મૂંઝવણ

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) શિક્ષક અબ્રાહમને ખુશીથી પુસ્તક શા માટે આપે છે ?
જ) અબ્રાહમ વાંચન માટે જિજ્ઞાસુ છે. તેથી શિક્ષક તેને ખુશીથી પુસ્તક આપે છે.

2) પુસ્તક સાથી પલળી ગયું ?
જ) રાત્રે પડેલા વરસાદની વાછટથી પુસ્તક પલળી ગયુ.

3) શિક્ષક લિંકનને ક્યું કામ સોપે છે ?
જ) શિક્ષક લિંકનને બાગમાં છોડવાઓને પાણી પીવડાવવાનું કામ સોપે છે .

4) અંતે શિક્ષક લિંકનનેકેવા ભાવથી જુએ છે ?
જ) અંતે શિક્ષક લિંકનને અહોભાવથી ભાવથી જુએ છે

**નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર વાક્યમાં લખો.**

1) અબ્રાહમ લિંકન સાહેબ પાસે કેમ આવ્યો હતો ?

જ) સાહેબે ક્લાસમાં જે પાઠ શિખવ્યો હતો, તે વિશે તેને વધું જાણવાની ઇચ્છા હતી, તેથી એ વિશેની બીજી ચોપડી હોય તો તે લેવા માટે અબ્રાહમ લિંકન સાહેબ પાસે આવ્યો હતો.

2) પુસ્તક ખરાબ થઇ જવાથી અબ્રાહમ લિંકનશુંવિચારે છે ?

જ) પુસ્તક વાછટમાં પલળી જવાથી ખરાબ થઇ ગયુ હતું. સાહેબને હવે શો જવાબ આપવો? કેમ કે પુસ્તક અબ્રાહમ લિંકનને વાંચવા આપ્યુ હતું. તે વિચારે છે : મારી પાસે એટલા પૈસા પણ નથી કે નવી ચોપડી લાવીને સાહેબને આપી શકુ. સાહેબને જઇને એમ કહું કે પુસ્તક કોઇ ચોરી ગયુ છે? અથવા એમ કહું કે તે રસ્તામાં પડી ગયુ છે? ના..ન... અસત્ય યો ન જ બોલવું- લિંકન આવા અનેક વિચારો કરે છે.

3) અબ્રાહમ લિકન સાહેબ પાસે જઇને શી વાત કરે છે ?

જ) અબ્રાહમ લિંકન સાહેબ પાસે જઇને કહે છે : "સાહેબ, મારાથી એક ગફલત થઇ ગઇ છે. વાંચતાં વાંચતાં પુસ્તક નીચે પડી ગયું. હું ઊંઘી ગયેલો. રાત્રે ખૂબ વરસાદ પડ્યો, એમાં બારી વાટે ઘરમાં પાણી ભરાયું. પુસ્તક પલળી ગયું. વાંચવાના કામનું રહ્યું નથી. હું ગુનેગાર છુ, સાહેબ ! ".

4) સાહેબે અબ્રાહમ લિંકનને માફ કરી દીધો છતાં એણે સાહેબને શું કહ્યું ?

જ) સાહેબે અબ્રાહમ લિંકનને માફ કરી દીધો, છતા તેણે સાહેબને પોતાના મનની શાંતિ માટે થોડા દિવસ કોઇ કામની તક આપવા માટે કહ્યું.

<u>વ્યાકરણ</u>

**નીચેના વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો.**

1) " ખૂબ પ્રગતિ કર બેટા, ખૂબ પ્રગતિ કર."

જ) આ વાક્ય શિક્ષક બોલે છે અને લિંકનને કહે છે.

2) "અરે! ચોપડી ક્યાં ગાઇ? ".

જ) આ વાક્ય લિંકન મનોમન બોલે છે.

3) " તે હજુ સુધીતું વાચીં શક્યો નથી."

જ) આ વાક્ય શિક્ષક બોલે છે અને લિંકનને કહે છે.

4) “હા...હાશ .. હવે મારા મનને શાંતિ મળશે..”

જ) આ વાક્ય લિંકન બોલે છે અને શિક્ષક ને કહે છે.

## નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો

1) ગફલત = બેદરકારી

2) રાત્રી = રાત

3) નિર્ણય = ફેંસલો

4) પરિશ્રમ = મહેનત

5) માર્ગ = રસ્તો

## નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

1) ખર્ચ x બચત

2) ઇચ્છા x અનિચ્છા

3) નિરાંત x ઉતાવળ

4) પ્રગતિ x અધોગતિ

5) સંતોષ x અસંતોષ

## નીચેના શબ્દસમૂહો માટે એક – એક શબ્દ આપો.

1) પવનથી ઊડેલા વરસાદના છાંટા – વાછટ

2) જાણવાની ઇચ્છાવાળું - જિજ્ઞાસુ

3) જાત સાથેની મથામણ - આત્મસંઘર્ષ

## નીચે આપેલા શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો

1) ગેરહાજરી, પતન, સાંજ, કોરું

જ કોરું, ગેરહાજરી, પતન, સાંજ

# 4. હિંડોળો

## અઘરા શબ્દ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | હિંડોળો | 2) | રૂપું | 3) | બાજુબંધ | 4) | બેરખો |
| 5) | કિનખાબી | 6) | હંસલા ઘોડા | 7) | પલાણ | 8) | વેઢ |

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | હિંડોળો | = | ઝૂલો |
| 2) | રૂપું | = | ચાંદી |
| 3) | બાજુબંધ | = | બાવડા ઉપર પહેરવાનું એક ઘરેણું |
| 4) | બેરખો | = | રુદ્રાક્ષની માળા |
| 5) | કિનખાબી | = | જરીબુટ્ટી વણાટનું એક જાતનું કાપડ |
| 6) | હંસલા ઘોડા | = | હંસની ચાલ ચાલતા ઘોડા |
| 7) | પલાણ | = | ઘોડાની પીઠ ઉપર મૂકવાની બેઠક |
| 8) | વેઢ | = | વીંટી |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) શ્રીકૃષ્ણે કેવી મોજડી પહેરી છે ?

જ) શ્રીકૃષ્ણે પગમાં રાઠોડી મોજડી પહેરી છે.

2) કાવ્યમાં વા' લો શબ્દ કોના માટે વપરાયો છે ?

જ) કાવ્યમાં વા' લો શબ્દ શ્રીકૃષ્ણ માટે વપરાયો છે.

3) હિંડોળો ક્યાં બાંધેલો છે ?

જ) હિંડોળો આંબાની ડાળે,સોનાની સાંકળ અને ચાંદીનાં કડાં વડે બાંધેલો છે.

4) શ્રીકૃષ્ણ કેવી ચાલ ચાલે છે ?

જ) શ્રીકૃષ્ણ રુઆબદાર ( ચટકંતી ) ચાલ ચાલે છે.

5) શ્રીકૃષ્ણે દશે આંગળિયે શું પહેર્યું છે?

જ) શ્રીકૃષ્ણે દશે આંગળિયે વેઢ પહેર્યા છે.

## નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર વાક્યમાં લખો.

1) શ્રીકૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો.

જ) શ્રીકૃષ્ણે માથે મેવાડી કસબી ફેંટો પહેર્યો છે. એમની બાંયે બાજુબંધ અને પહોંચીએ રુદ્રાક્ષની માળા શોભે છે. તેમની દશે આંગળીએ વેઢ છે. તેમણે પગમાં રાઠોડી મોજડી પહેરી છે. કિનખાબી સુરવાલમાં શ્રીકૃષ્ણ મોહક લાગે છે.

<u>વ્યાકરણ</u>

## શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

-

| | | | |
|---|---|---|---|
| **1)** | ઘોડાની પીઠ પર નાખવાનો સામાન | = | પલાણ |
| **2)** | નાજુક કે કસબી પગરખું | = | મોજડી |
| **3)** | જરીબુટ્ટીના વણાટનું એક કાપડ | = | કિનખાબી |
| **4)** | રુદ્રાક્ષની હથમાં પહેરવાની નાની માળા | = | બેરખો |
| 5) | બેથી વધારે આંટાવાળી વાળાની વીંટી | = | વેઢ |

# 5. અપંગના ઓજસ

## અઘરા શબ્દો

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ઓજશ | 2) | નિષ્ક્રિય | 3) | નિર્ધાર | 4) | કેલિપર્સ |
| 5) | પારંગત | 6) | વિક્રમ | 7) | પુરુષાર્થ | | |

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | ઓજસ | - | માણસના વિશેષ કે ખાસ ગુણ |
| 2) | નિષ્ક્રિય | - | ક્રિયા ન કરતુ હોય તેવું |
| 3) | નિર્ધાર | - | અગાઉથી ધારેલું |
| 4) | કેલિપર્સ | - | લકવાના દર્દીએ આધાર માટે પહેરવું પડતુ સાધન |
| 5) | પારંગત | - | હોશિયાર |
| 6) | વિક્રમ | - | કોઇ પણ સ્પર્ધાત્મક ક્ષેત્રમાં નોંધાયેલી મહત્તમ સિદ્ધિ |
| 7) | પુરુષાર્થ | - | મહેનત |

## સાહિત્ય

નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) વોલ્ટરના શરીર પર લકવાની શી અસર થઇ ?

જ) લકવાને લીધે વોલ્ટરનાં હાથ પગ કામ કરતા બંધ થઇ ગયા.

2) દાક્તરોએ વોલ્ટરના રોગ વિશે શો અભિપ્રાય આપ્યો ?

જ) દાક્તરોએ વોલ્ટરના રોગ વિશે અભિપ્રાય આપતા કહ્યુ કે તે જાતે હાથ પગ હલાવી શક્શે નહિ, તેણે જિંદગીભર વ્હીલચેરની સહાય લેવી પડશે.

3) વોલ્ટરે એના પગને શું કહ્યુ ?

જ) વોલ્ટરે એના પગને કહ્યુ કે તમે મૂંઝાશો નહિ, ગભરાશો નહિ, સહેજે હિંમત હારશો નહિ, આજ ભલે તમે ચાલી શકતા ન હો, પણ એક દિવસ જરૂર ઊંચામાં ઊંચા કૂદકા લગાવી શકશો.

4) માતાએ પુત્રને શી પ્રેરણા આપી ?

જ) માતાએ પુત્રને પ્રેરણા આપતા કહ્યુ કે ‘ તું હિંમત નહિ હારે તો જે ધારીશ એ કરી શકીશ.

4) ઊંચા કૂદકાની સ્પર્ધા જોઇ વોલ્ટરે શો સંકલ્પ કર્યો ?

જ) ઊંચા કૂદકાની સ્પર્ધા જોઇ વોલ્ટરે સંકલ્પ કર્યો કે ‘ ભલે મારું શરીર આજે અપંગ હોય, પણ એક દિવસ એવો આવશે કે વિશ્વનો કોઇ ખેલાડી મારી બરાબરી કરી શકશે નહિ ’.

5) ઓલિમ્પિક સ્પર્ધામાં વોલ્ટરને કઇ સિદ્ધિ મળી ?

જ) ઓલિમ્પિક સ્પર્ધામાં વોલ્ટરને 2 મીટર અને 4 સેન્ટિમીટર ઊંચો કૂદકો લગાવીને નવો વિક્રમ સ્થાપ્યો.

<u>વ્યાકરણ</u>

## નીચેના વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો.

1) “ પગ સાથે ? પગ તે કંઇ સાંભળતા હશે ? “

જ) આ વાક્ય વોલ્ટરની માતા બોલે છે અને વોલ્ટરને કહે છે.

2) “ જો તું હિંમત નહિ હારે તો જે ધારીશ એ કરી શકીશ”

જ) આ વાક્ય વોલ્ટરની માતા બોલે છે અને વોલ્ટરને કહે છે.

3) “ અરે! હું વિશ્વવિક્રમ સ્થાપીશ”

જ) આ વાક્ય વોલ્ટર મનોમન બોલે છે.

## નીચેનાના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | મહેનત | = | પુરુષાર્થ | 2) | કૂદકો | = | છલાંગ |
| 3) | સ્પર્ધા | = | હરીફાઇ | 4) | શ્રદ્ધા | = | આસ્થા |
| 5) | દોસ્ત | = | મિત્ર | 6) | વિશ્વ | = | જગત |

**નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **1)** | હાજર | **X** | ગેરહાજર | **2)** | આશા | **X** | નિરાશા |
| **3)** | પહેલો | **X** | છેલ્લો | **4)** | જીત | **X** | હાર |
| **5)** | સક્રિય | **X** | નિષ્ક્રિય | **6)** | મૂંગા | **X** | બોલકા |

નીચેના શબ્દોની જોડણી સુધારો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **1)** | જીંદગીભર | **-** | જિંદગીભર | **2)** | શ્રધ્ધા | **-** | શ્રદ્ધા |
| **3)** | હરિફાઇ | **-** | હરીફાઇ | **4)** | સેન્ટીમીટરા | **-** | સેન્ટિમીટર |
| **5)** | સિધ્ધાંત | **-** | સિદ્ધાંત | 6) | અદભૂત | **-** | અદભુત |

નીચે આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.

**1) સહેજ, સ્નાયુ, સ્પર્ધા, સક્રિય, સત્તા.**

**જ) સક્રિય, સત્તા, સહેજ, સ્નાયુ, સ્પર્ધા.**

# 6. ડો. આંબેડકર

## અઘરા શબ્દો

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1) | પોરસાયેલા | 2) | અદમ્ય | 3) | જ્ઞાનયજ્ઞ |
| 4) | ફુરસદ | 5) | દુર્લભ | 6) | પાક્ષિક |
| 7) | નિધિ | 8) | પરિનિર્વાણ | 9) | ઇલકાબ |
| 10) | મરણોતર | 11) | ગુરુમંત્ર | | |

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | પોરસાયેલા | = | પ્રસન્ન થયેલા |
| 2) | અદમ્ય | = | દાબી ન શકાય તેવું |
| 3) | જ્ઞાનયજ્ઞ | = | જ્ઞાનરૂપી યજ્ઞ |
| 4) | ફુરસદ | = | વધારાનો સમય |
| 5) | દુર્લભ | = | સહેલાઇથી ન મળે તેવું |
| 6) | પાક્ષિક | = | દર પખવાડિયે પ્રકાશિત થતું સામયિક |
| 7) | નિધિ | = | ફાળો. |
| 8) | પરિનિર્વાણ | = | અવસાન |
| 9) | ઇલકાબ | = | માન બતાવવા સરકાર તરફથી અપાતું સન્માન |
| 10) | મરણોતર | = | મૃત્યું પછીનું |
| 11) | ગુરુમંત્ર | = | ગુરુ દ્વારા અપાતો મંત્ર |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

**1)** ડૉ. ભીમરાવ આંબેડકરનો જન્મ ક્યાં થયો હતો ?

**જ)** ડૉ. ભીમરાવ આંબેડકરનો જન્મ મધ્યપ્રદેશનાં મહૂ ગામમાં 14 એપ્રિલ, 1891માં થયો હતો

2) ડૉ. ભીમરાવનાં માતાપિતાનાં નામ જણાવો

જ) ડૉ. ભીમરાવના માતાનું નામ ભીમાબાઇ અને પિતાનું નામ રામજીભાઇ હતુ..

3) ડૉ. ભીમરાવને પિતા પાસેથી વારસામાં શું મળ્યુ હતું ?

જ) ડૉ. ભીમરાવને પિતા પાસેથી વારસામાં પ્રેમ મળ્યો હતો.

4) ડૉ. ભીમરાવની વાંચન પ્રીતિ કેવી હતી ?

જ) ડૉ. ભીમરાવની વાંચન પ્રીતિ અનન્ય હતી, તેઓ પેટની ભુખ વેઠીને પણ પુસ્તક ખરીદતા અને વાંચતા.

## નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.

1) આ પાઠમાથી ડૉ. બાબાસાહેબના ક્યા ગુણો તમને વિશેષ ગમ્યા ?

જ) આ પાઠમાથી ડૉ. બાબાસાહેબના આ ગુણો અમને વિશેષ ગમ્યા : વિદ્યાપ્રીતિ, અન્યાય સામે લડવાનું ખમીર. સ્ત્રીના અધિકારો મેળવવાની શુભનિષ્ઠા વગેરે.

2) આ પાઠમાં તમે ડૉ. બાબાસાહેબની વિદ્યા મેળવવાની ધગશ વિશે જાણ્યું, તમે વિદ્યા મેળવવા કેવા પ્રયત્નો કરશો ?

જ) ડૉ. બાબાસાહેબ જીવનમાં જે લક્ષ્ય સિદ્ધ કરવા માગતા હતા તે વિશે ઊંડો અભ્યાસ કર્યો. અમે પણ અમારું લક્ષ્ય નક્કી કરી, એના વિશે ઊંડો અભ્યાસ કરીશું.

3) ડૉ. ભીમરાવના ઘડતરમાં ક્યા ત્રણ મહાપુરુષોનો ફાળો છે ?

જ) ડૉ. ભીમરાવના ઘડતરમાં આ ત્રણ મહાપુરુષોનો ફાળો છે : બુદ્ધ , કબીર અને જ્યોતિબા ફૂલે.

4) ડૉ. ભીમરાવના જીવનનાં મહત્વનાં કાર્યો ક્યાં ક્યાં છે ?

જ) ડૉ. ભીમરાવના જીવનનાં મહત્વના કાર્યો : 1) સ્વતંત્ર ભારતના બંધારણના ઘડવૈયા તરીકે મહત્વની કામગીરી 2) ધર્મનિરપેક્ષ આદર્શો અને સિદ્ધાંતો 3) અસ્પૃશ્યોની હિતરક્ષા, મૂળભૂત હકો અને માનવના ગૌરવની જાળવણી 4) સામાજિક ન્યાય તેમજ નારીગૌરવ માટે મથામણ.

5) ‘ભારતરત્ન’ એ ભારત સરકાર દ્વારા મળતું સમ્માન છે. ડૉ. આંબેડકર સિવાય જેમને ‘ભારતરત્ન’ સમ્માન મળ્યું હોય તેવા પાંચ મહાનુભાવોનાં નામ જાણીને લખો.

જ) ‘ભારતરત્ન’ થી સમ્માનિત મહાનુભાવો :

1) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ( 1954 )

2) પંડિત જવાહરલાલ નેહરુ ( 1955 )

3) આચાર્ય વિનોબા ભાવે ( 1983 ) મરણોત્તર

3) ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ ( 1998 )

5) સચિન રમેશ તેંદુલકર ( 2014 )

<u>વ્યાકરણ</u>

**નીચેના શબ્દોની જોડણી સુધારો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **1)** | માતરુસુખ | - | માતૃસુખ | **2)** | સિકસક | - | શિક્ષક |
| **3)** | અસપુસ્ય | - | અસ્પૃશ્ય | **4)** | સીસ્વૃતી | - | શિષ્યવૃત્તિ |
| **5)** | આરથીક | - | આર્થિક | | | | |

નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **1)** | નવાઇ | = | અચરજ | **2)** | તંગી | = | અછત |
| **3)** | મહત્વ | = | અગત્ય | **4)** | ગરીબ | = | નિર્ધન |
| **5)** | હ્રદય | = | હૈયું | | | | |

**નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દ લખો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **1)** | અંધકાર | X | પ્રકાશ | **2)** | અનુકૂળ | X | પ્રતિકૂળ |
| **3)** | દુર્ભાગ્ય | X | સદભાગ્ય | **4)** | દોષ | X | નિર્દોષ |
| 5) | આનંદ | X | શોક | | | | |

**નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

**1)** બુદ્ધિમાન **2)** ગ્રંથ **3)** શિષ્યાવૃત્તિ

4) સમાજોદ્ધાર 5) ભારતરત્ન.

# 7. ઊડે રે ગુલાલ

## અઘરા શબ્દો

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1) | ઘેરૈયો | 2) | મરજાદા | 3) | લોપી |
| 4) | ચૂંદલડી | 5) | ધોતલડી | 6) | લાગો |

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | ઘેરૈયો | = | હોળી રમવા નીકળેલો, ઘેરૈયામાંનો માણસ |
| 2) | મરજાદા | = | સભ્યતા |
| 3) | લોપી | = | મૂકી |
| 4) | ચૂંદલડી | = | ચૂંદડી |
| 5) | ધોતલડી | = | ધોતિયું |
| 6) | લાગો | = | પોતાના હકની રકમ |

## સાહિત્ય

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

1) કોની ટોળી આવી રહી છે ?
જ) ઘેરૈયાની ટોળી આવી રહી છે.

2) ટોળાએ મર્યાદા વટાવતાં શું કર્યું ?
જ) ટોળાએ મર્યાદા વટાવતાં, કાકાની ટોપી ઉછાળી.

3) ખજૂર, ધાણી, શ્રીફળ કોણ માગે છે ?
જ) ઘેરૈયા ખજૂર, ધાણી, શ્રીફળ કોણ માગે છે.

4) ‘લાગો’ એટલે શું ?

જ) ‘લાગો’ એટલે દાપું, પોતાના હકની રકમ.

5) નખરા છોડીને કવિ શું કરવાનું કહે છે ?

જ) નખરા છોડીને કવિ આનંદ માણવાનું કહે છે.

## પ્રાસવાળા શબ્દો કાવ્યમાંથી શોધીને લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ટોળી | - | હોળી | 2) | ટોપી | - | લોપી |
| 3) | ચૂંદલડી | - | ધોતલડી | 4) | લાવ્યા | - | ફાવ્યા |
| 5) | માગે | - | આગે | 5) | સરખા | - | નખરાં |

<u>વ્યાકરણ</u>

નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

1) પિચકારી, ચૂંદડી , ખજૂર , ઉછાળવું , ધાણી , ઘેરૈયો .

જ) ઉછાળવું, ખજૂર , ઘેરૈયો, ચૂંદડી, ધાણી, પિચકારી .

# <u>8. સુભાષિતો</u>

## <u>શબ્દાર્થ</u>

| | | | |
|---|---|---|---|
| 1) | ઝૂઝવું | = | મચ્યા રહેવું |
| 2) | ઉદ્ધરવું | = | મુક્ત થવું |
| 3) | નયન | = | આંખ |
| 4) | નેહ | = | સ્નેહ |
| 5) | કંચન | = | સોનું |
| 6) | મેહ | = | વરસાદ |
| 7) | શીતળ | = | ઠંડી |
| 8) | બાંધવ | = | ભાઇ |
| 9) | અબોલડા | = | નારાજગી |
| 10) | દીસે | = | દેખાય |
| 11) | ચલન્તનું | = | ચાલનારનું |
| 12) | ખંત | = | ચીવટ |

## <u>સાહિત્ય</u>

### નીચેના પ્રશ્નોના જવાબ લખો.

1) 'પારકી આશ સદા નિરાશ' – આ કહેવત પહેલા સુભાષિતના આધારે સમજાવો.

જ) આપણે બીજા પર આધાર રાખીએ તો આપણને નિરાશા જ મળે છે. આપણું કામ જાતે જ કરવું જોઇએ. આપણું કામ કરવામાં આપણને જેટલો રસ હોય એટલો બીજાને હોતો નથી. આમ, પારકી આશા રાખવામાં આપણને દુ:ખ અને નિરાશા જ મળે છે. માટે સૌએ પોતાનું કામ પોતે જ કરવું જોઇએ.

2) આપણે કેવા ઘેર ન જવું જોઇએ ? શાં માટે ?

જ) જે ઘર આપણને આવકાર અને આદર ન મળતાં હોય તે ઘરે આપણે  જવું જોઇએ. જ્યાં ધન વૈભવને જ મહત્વ અપાતું હોય અને માણસ માટે પ્રેમભાવ જ ના હોય તો ત્યાં જવાથી શો ફાયદો?.

3) 'બાંધવ હોય અબોલડા તોય પોતાની બાંય' એવું શા માટે કહ્યું છે ?

જ) આપણા બાંધવો ( ભાઇઓ) સાથે ભલે આપણે બોલવા ચાલવાનો સંબંધ ન હોય તો પણ મુશ્કેલ સંજોગોમાં ભાઇઓ જ આપણી મદદ કરે છે. તેથી જ કહ્યુ છે . 'બાંધવ હોય અબોલડા તોય પોતાની બાંય'.

4) મુશ્કેલ કામને સહેલું કઇ રીતે બનાવી શકાય ?

જ) મુશ્કેલ કામને પણ ઉદ્યમ અને ખંત વડે સહેલું બનાવી શકાય.

5) 'સૂતેલાનું ભાગ્ય સૂતેલું હોય છે' – એમ શા માટે કહેવાય છે ?

જ) જે માણસ મહેનત કરતો નથી અને આળસુ થઇને પડ્યો રહે છે તેનું ભાગ્ય તેને સાથ આપતુ નથી. આવા માણસની કદી ઉન્નતિ થતી નથી, માટે 'સૂતેલાનું ભાગ્ય સૂતેલું હોય છે' એમ કહેવાય છે.

## વ્યાકરણ

નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | આવ | = | આવકાર | 2) | નેહ | = | સ્નેહ |
| 3) | આદર | = | સત્કાર | 4) | કંચન | = | સોનું |
| 5) | નયન | = | આંખ | 5) | ઉદ્યમ | = | મહેનત |

**નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દ લખો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | કંજૂસ | X | ઉદાર | 2) | કડવું | X | મીઠું |
| 3) | શીતળ | X | ઉષ્ણ | 4) | આદર | X | અનાદર |
| 5) | મુશ્કેલ | X | સરળ | 6) | વધવું | X | ઘટવું |

**નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

1) મુશ્કેલ 2) જૂઠું 3) શીતળ

4) ભાગ્ય 5) નયન.

# પૂરક વાચન

## 1. અભિનંદન

**અઘરા શબ્દો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1) | અભિનંદન | 2) | ગૌરવ | 3) | રક્ષે |
| 4) | દારુણ | 5) | ક્રંદન | 6) | સ્પંદન |

**શબ્દાર્થ**

| | | | |
|---|---|---|---|
| 1) | અભિનંદન | = | ધન્યવાદ |
| 2) | ગૌરવ | = | આદર |
| 3) | રક્ષે | = | રક્ષણ કરે |
| 4) | દારુણ | = | ભયાનક |
| 5) | ક્રંદન | = | રુદન |
| 6) | સ્પંદન | = | આછી ધ્રુજારી |

**સાહિત્ય**

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

1) ગુજરાતની ધરા કોનાથી નંદનવન બની છે ?

જ) ગુજરાતની ધરા ગુજરાતીના ગૌરવથી નંદનવન બની છે.

2) વેદકાળથી શાની ધારા વહે છે ?

જ) વેદકાળથી જ્ઞાનભક્તિની ધારા વહે છે.

3) ગુજરાતના લોકો કમ્પ્યુટરમાં શું નિહાળે છે ?

જ)	ગુજરાતના લોકો કમ્પ્યુટરમાં શ્રીકૃષ્ણને અને ગરબે રમતા અંબેમાને નિહાળે છે.

## <u>વ્યાકરણ</u>

નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1) | ધરા | = | જમીન | 2) | નિરંતર | = | સદા |
| 3) | ન્યારા | = | અનોખા | 4) | ધરતીકંપ | = | ભૂકંપ |
| 5) | ક્ષણ | = | પળ | | | | |

**નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દ લખો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | દુષ્કાળ | X | સુકાળ | 2) | સરળ | X | કઠિન |
| 3) | ધરા | X | ગગન | | | | |

# 2. કેટલાક પ્રસંગો

## અઘરા શબ્દો

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1) | કામગરી | 2) | વહાલસોઇ | 3) | પરગજુ |

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | કામગરી | = | કામમાં રચીપચી રહેનારી |
| 2) | વહાલસોઇ | = | લાડકવાઇ |
| 3) | પરગજું | = | પરોપકારી |

## સાહિત્ય

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

1) શાહીનો ખડિયો કોનાથી ફૂટી ગયો હતો ?

જ) શાહીનો ખડિયો સુમંતથી ફૂટી ગયો હતો.

2) શિક્ષક સુમંત સામે શાં માટે જોઇ રહ્યા ?

જ) નીડર અને સાચાબોલા સુમંતે પોતાની ભૂલ કબૂલ કરી તેથી શિક્ષક સુમંત સામે જોઇ રહ્યા.

3) શાકવાળો પંકજ સામે શા માટે જોઇ રહ્યો ?

જ) પંકજે પ્રામાણિકતા બતાવી એટલે શાકવાળો પંકજ સામે જોઇ રહ્યો.

## વ્યાકરણ

નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ગુનેગાર | = | અપરાધી | 2) | નિડર | = | બહાદુર |
| 3) | રસ્તો | = | માર્ગ | 4) | પ્રેમાળ | = | હેતાળ |

**નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દ લખો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | નીડર | X | ડરપોક | 2) | પ્રામાણિક | X | અપ્રામાણિક |
| 3) | કામગરી | X | આળસુ | 4) | ગરીબ | X | તવંગર |

# 3. ખીચડી પકાવું છું

## અઘરા શબ્દો

1) ખુદાવંત  2) અદેખું  3) અધીરા  4) હાંડલી
5) ભૂંગળી

## શબ્દાર્થ

1) ખુદાવંત = ખુદાના જેવો
2) અદેખું = ઈર્ષ્યાળુ
3) અધીરા = ઉતાવળા
4) હાંડલી = પહોળા મોંનુ માટીનું વાસણ
5) ભૂંગળી = ચૂલામાં અગ્નિ પેટાવવા માટે પોલી નળી

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) અકબર બાદશાહે દરબારીઓને શુ પુછ્યું ?

જ) અકબર બાદશાહે દરબારીઓને પુછ્યું કે, "મહેલની પાસેના તળાવમાં આખી રાત ઠંડા પાણીમાં કોઇ ઉભો રહે ખરો?".

2) ઇનામની શરત કોને સ્વીકારી ?

જ) ઇનામની શરત પચ્ચીસ વર્ષના એક ગરીબ યુવાને સ્વીકારી.

3) નવજુવાને શા માટે જીવને જોખમમાં મૂક્યો હતો ?

જ) જવજુવાન ગરીબ હોવાથી ઇનામની લાલચે તેણે પોતાના જીવને જોખમમાં મૂક્યો હતો.

4) બાદશાહ શા માટે જાતે બીરબલને ત્યાં આવ્યા ?

જ) બાદસાહે બીરબલને દરબારમાં આવવા સંદેશો મોકલ્યો, પણ બે કલાક થવા છતાં, બીરબલની 'ખીચડી કેમ ચઢી નથી' તેની તપાસ કરવા બાદશાહ બીરબલને ત્યાં આવ્યા.

## નીચેના પ્રશ્નોના જવાબ લખો.

1) બાદશાહ શાથી આશ્ચર્યમાં ડૂબી ગયા ?

જ) બાદશાહે બીરબલના વાડામાં એક દ્રશ્ય જોયું. ત્રણ વાંસને જમીન પર ઉભા રાખીને, એ ત્રણેને મથાળે એક્સાથે બાંધ્યા હતા. બાંધેલા વાંસની અધવચ એક હાંડલી ટાંગી હતી. નીચે જમીન પર ચૂલો સળગાવ્યો હતો. બીરબલ હાંડલીની ખીચડી ચડવાની આશાએ બેઠો હતો. આ દ્રશ્ય જોઇ બાદશાહ આશ્ચર્યમાં ડૂબી ગયા.

2) બીરબલે નવજુવાનની વાત બાદશાહને સમજાવતાં શું કહ્યું ?

જ) બીરબલે નવજુવાનની વાત બાદશાહને સમજાવતાં કહ્યું, " દૂરથી મહેલના નાના દીવાની ગરમી નવજુવાનને મળી અને તેથી એ જીવી ગયો. દીવો તો દૂર હતો પણ આ ચૂલો હાંડલીની નજીક છે, મારી ખીચડી જરૂર રંધાશે ".

## <u>વ્યાકરણ</u>

નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | હિંમત | = | શક્તિ | 2) | અધીરો | = | ઉતાવળો |
| 3) | નજીક | = | પાસે | 4) | માથું | = | શીશ |

## નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | સ્વીકાર | X | અસ્વીકાર | 2) | ઠંડું | X | ગરમ |
| 3) | લાયક | X | ગેરલાયક | 4) | સફળતા | X | નિષ્ફળતા |

# 4. મૂલ્યવાન ભેટ

## અઘરા શબ્દો

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **1)** | અનાથ | **2)** | ચોખ્ખુંચણક | **3)** | ભિક્ષુ | 4) | બીબું |
| 5) | ગફલત | 6) | તથાગત | | | | |

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | અનાથ | = | નિરાધાર |
| **2)** | ચોખ્ખુંચણક | = | સ્વચ્છ |
| **3)** | ભિક્ષુ | = | સાધુ |
| 4) | બીબું | = | કોઇ આકૃતિ ઢાળવાનું ચોકઠું |
| 5) | ગફલત | = | બેદરકારી |
| 7) | તથાગત | = | જ્ઞાની |

## સાહિત્ય

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

**1)** અનાથ બળાનું નામ શું હતું ?

**જ)** અનાથ બળાનું નામ તાઓ હતું

**2)** તાઓને રસ્તો સાફ કરતા શુ મળ્યું ?

**જ)** તાઓને રસ્તો સાફ કરતા એક કાટવાળો સિક્કો મળ્યો.

**3)** એક ભિક્ષુકે ઊભા થઇને, મઠના વડાને શુ કહ્યુ ?

**જ)** એક ભિક્ષુકે ઊભા થઇને મઠના વડાને કહ્યુ " એક નાની છોકરીએ આપેલો ગંદો કાટવાળો સિક્કો મે સ્વીકાર્યો નહોતો."

## નીચેના પ્રશ્નોના જવાબ લખો.

1) વેપારી સ્ત્રીને ત્યાં તાઓએ સૌના દિલ કેવી રીતે જીતી લીધાં ?

જ) તાઓ ઘરના કામ દિલથી કરતી. કદી કોઇ કામ એને બતાવવું પડતુ નહિ. ચીવટ અને ચોક્સાઇથી એ કામ કરતી. વાસણ માંજીને અરીસા જેવાં બનાવી દે. ફળિયું ઓસરી અને ઓરડા વાળીને ચોખ્ખાંચણાક બનાવી દે, અનાજ સફાઇમાં કશી ફરિયાદ ન આવે. 'તાઓ' એવી બૂમ પડે કે 'જી' કહેતી તરત હાજર થઇ જતી. આમ, તાઓએ સૌના દિલ જીતી લીધા.

2) તાઓએ કાટવાળા સિક્કાનું શું કર્યું ?

જ) તાઓએ કાટવાળ સિક્કો હાથમાં લીધો, જોયો અને ખુશ થઇ. થોડી વાર સિક્કાને ઘસ્યો પણ સિક્કા ઉપરની છાપ ચોખ્ખી દેખાઇ નહિ. એણે સિક્કો બૂટમાં મૂક્યો. સમય મળતો ત્યારે તે એને ઘસતી. સિક્કો ઊજળો થયો પણ અંદરનો કાટ ગયો નહિ, છતા પણ તેણે એ સિક્કો કાળજીથી સચવી રાખ્યો.

3) તાઓએ ઘરના નોકરોને શી વાત કરતાં સાંભળ્યા?

જ) તાઓએ ઘરના નઓકરોને આ વાત કરતા સાંભળ્યા : " આપણા શહેરમાં બૌદ્ધ ભિક્ષુઓ આવ્યા છે. ભગવાન બુદ્ધની ભવ્ય મૂર્તી તૈયાર કરવા માટે તે દરેક ઘરમાથી કિંમતી વસ્તુંઓનું દાન મેળવે છે. આપણે ત્યાં પણ એક દિવસ જરૂર આવશે. આપણે પણ શક્તિ પ્રમાણે કંઇક ભેટ આપીશુ".

4) તાઓની માફી માગતાં ભિક્ષુએ શું કહ્યું ?

જ) તાઓની માફી માગતા ભિક્ષુએ કહ્યું, બહેન, તે દિવસે મેં તારી ભેટનો અસ્વીકાર કર્યો હતો, પણ આજે હું એ લેવા આવ્યો છું તારી ભેટ વિના ભગવાન બુદ્ધની સુંદર મૂર્તિ તૈયાર થઇ શકશે નહિ.

# 5. અમે બાંધવો સરદારના

## અઘરા શબ્દો

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **1)** | મઝધાર | **2)** | મંજિલ | **3)** | કિરદાર | 4) | કરતાર |
| 5) | આફત | 6) | બાંધવ | | | | |

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | મઝધાર | = | પ્રવાહની મધ્યધારા |
| **2)** | મંજિલ | = | મુસાફરી કે યાત્રાનો અંતિમ પડાવ |
| **3)** | કિરદાર | = | મંજિલ સુધી પહોચવા મથતું પાત્ર |
| 4) | કરતાર | = | બનાવનારું |
| 5) | આફત | = | મુશ્કેલી |
| 7) | બાંધવ | = | ભાઇ |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

**1)** મંજિલ કોના માટે દૂર નથી ?
**જ)** જો વ્યક્તિમાં હિંમત હશે, તો એના માટે મંજિલ દૂર નથી.

**2)** જીવનમાં વિકાસ માટે આપણાં કદમ કેવાં હોવાં જોઇએ ?
**જ)** જીવનમાં વિકાસ માટે આપણાં કદમ સાહસભર્યાં હોવાં જોઇએ

**3)** અમે કોના વારસ છીએ ?
**જ)** અમે ગાંધી, મહાવીર અને કરતારના વારસ છીએ.